SCA | SAURASHTRA Cricket Association

18, Sep 2016

Rajkot connection to India's first Test Match

રાજકોટ ટેસ્ટ કાઉન્ટ ડાઉન | 9 નવેમ્બરથી રાજકોટમાં સૌ પ્રથમ ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે રમાશે

# ભારતના સૌ પ્રથમ ટેસ્ટનું રાજકોટ કનેક્શન

## 1932ની ટેસ્ટમાં રાજકોટના અમરસિંહે ભારતીય ટેસ્ટક્રિકેટની પ્રથમ ફિફટી ફટકારી હતી

સુજિત બોઝ | રાજકોટ

ભારતનો ટેસ્ટ ક્રિકેટનો ઈતિહાસ અંદાજિત સાડા આઠ દાયકા જૂનો છે. ભારતે સૌ પ્રથમ ટેસ્ટ ઈંગ્લેન્ડ સામે 1932(જૂન 25,27,28) માં લોર્ડ્ઝ ખાતે રમી હતી. જોગાનુ જોગ તાજેતરમાં જ ટેસ્ટ દરજ્જો પ્રાપ્ત કરનાર રાજકોટની સૌ પ્રથમ ટેસ્ટ પણ ઈંગ્લેન્ડ સામે જ નવેમ્બર 9થી 13 દરમિયાન રમાશે. આ તકે કર્નલ સી કે નાયડુની કપ્તાનીમાં રમાયેલી ભારતની સૌ પ્રથમ ટેસ્ટ મેચને એ માટે પણ યાદ કરવી પડે કે તેનું એક રસપ્રદ રાજકોટ કનેક્શન છે. ભારતની સૌ પ્રથમ ટેસ્ટ મેચના હીરો રાજકોટના અમરસિંહને ગણી શકાય. તેમણે આ ટેસ્ટના બીજા દાવમાં 51 રન ફટકારીને ટેસ્ટમાં અડધી સદી ફટકારનાર સૌ પ્રથમ ભારતીય બેટ્સમેનનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. તેઓ ભારતીય ટીમના આ ટેસ્ટના હાઈએસ્ટ સ્કોરર પણ હતા. સ્વાભાવિક રીતે ઓસ્ટ્રેલિયા સામેની 1932-33માં રમાયેલી કુખ્યાત 'બોડીલાઈન'સિરીઝના કુખ્યાત ઈંગ્લિશ કપ્તાન ડગ્લસ જાર્ડીનની કપ્તાનીમાં જ ઈંગ્લેન્ડે ભારતને 158 રને હરાવ્યું હતું. પરાજય છતાં આ ટેસ્ટ ભારતીય ટીમ માટે ક્રિકેટના ગૌરવમય ભાવિનું આ પ્રથમ પગલું હતું. ત્યારે ટેસ્ટ મેચ ફક્ત ત્રણ દિવસની હતી. બીજો દિવસ રેસ્ટ ડે તરીકે રાખવામાં આવ્યો હતો. ટોસ જીતી દાવ લેનાર ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા 259 રન નોંધાવ્યા હતા. ભારત વતી 5 વિકેટ ઝડપનારા સૌ પ્રથમ બોલર બનવાનુ ગૌરવ મહમ્મદ નિસ્સારને પ્રાપ્ત થયું હતું, જ્યારે અમરસિંહે બે વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમ પ્રથમ ઈનિંગમાં 189 રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. જેમાં સી કે નાયડુના 40 રન મુખ્ય હતા. કપ્તાન જાર્ડીનના અણનમ 85 રન સાથે ઈંગ્લેન્ડે બીજા દાવમાં 8 વિકેટે 275 રન બનાવી દાવ ડિક્લેર કર્યો હતો.અમરસિંહે બીજા દાવમાં પણ બે વિકેટ ઝડપી હતી. જીત માટે 345 રનના લક્ષ્યનો પીછો કરતા ભારતીય ટીમ ફક્ત 187 રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.





1932ની ભારતીય ટીમ : (પ્રથમ હરોળ) લાલસિંહ, પાલીયા, જહાંગીર ખાન, મહંમદ નિશાર, અમરસિંહ, કાપડીયા, શંકરરાવ, ગુલામ મહંમદ, નાવલે, (બીજી હરોળ) વઝીર અલી, સી.કે. નાયડુ, મહારાજા ઓફ પોરબંદર, કે.એસ. લીંબડી, નાઝીર અલી, (નીચે બેઠેલા) નાઉમલ જાઉમલ, કોલાહ, માર્શલ. બીજી તસવીરમાં અમરસિંહ બોલીંગ કરતાં દર્શાય છે.

### મહારાજા ઓફ પોરબંદરની કપ્તાનીમાં ટીમ ઈંગ્લેન્ડ ગઈ હતી

1932માં 'ઓલ ઈન્ડિયા' ટીમ તરીકે ઈંગ્લેન્ડના પ્રવાસે ગયેલી આ ટીમ એક માત્ર ટેસ્ટમેચ સહિત કુલ 36 મેચ રમી હતી. જેમાં 26 ફર્સ્ટ ક્લાસ મેચ હતી. ઓલ ઈન્ડિયા ટીમના મૂળ કપ્તાન તરીકે મહારાજા ઓફ પોરબંદર નટવરસિંહજી ભાવસિંહજી હતા. જેમણે ભારતની સર્વ પ્રથમ ટેસ્ટની કપ્તાની પોતાની નાદુરસ્ત તબિયતને કારણે સી કે નાયડુને સોંપી હતી. ટીમના વાઈસ કેપ્ટન પદે લીંબડીના કુમાર સાહેબ ઘનશ્યામસિંહજી દોલતસિંહજી ઝાલા હતા. તેઓ પણ સૌ પ્રથમ ટેસ્ટમેચમાં પોતાની પીઠની ઈજાને કારણે આખરી ઈલેવનમાં રમી શક્યા ન હતા.

Courtesy: Divya Bhaskar